# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબરઃ ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિશન ગ્રેડ: "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીएम-उषा PM-USHA

ફોનઃ ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## ખાસ અગત્યનો પરિપત્ર

**વિષય : આંતરીક પરીક્ષાનાં ગુણ તેમજ એન.પી.ટી.એ. બાબત.**

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/વિભાગનાં વડાશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનના નિયામકશ્રીને જણાવવાનું કે, યુનિવર્સિટી નિયમાનુસાર જે વિદ્યાર્થીઓનાં જરૂરી આંતરીક ગુણ તેમજ હાજરી થતી ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓને CBCS Regulation (2017-18) તેમજ NEP-2020 પરીક્ષા વિભાગ, પત્ર નં. ઇ-૩/૩૧૨૭ તારીખ : ૦૭/૦૩/૨૦૨૪ પ્રમાણે પરીક્ષા પહેલા એન.પી.ટી.એ. કરવાનાં થાય.

જો ઉપરોક્ત રેગ્યુલેશન અને પરિપત્ર પ્રમાણે જરૂરી માર્કસ થતા ન હોઇ તેવા તમામ વિદ્યાર્થીને **યુનિવર્સિટી પરીક્ષા માંથી એન.પી.ટી.એ.** કરવા એટલે કે તેમાના પરીક્ષા ફોર્મ ફરજીયાત Withdraw કરવા તેમજ,

(૧) NPTA થયેલ વિદ્યાર્થીને સદર બાબતની જાણ કરવાની રહેશે.
(૨) NPTA થયેલ વિદ્યાથીની યાદી કોલેજ નોટીસ બોર્ડ પર આચાર્યશ્રીના સહિ સીક્કા સહિત મુકવાની રહેશે.
(૩) NPTA વિદ્યાર્થીની જાણ યુનિવર્સિટીએ નિયત કરેલ નમુના પ્રમાણે, યુનિવર્સિટી પરીક્ષા શરૂ થયાના ૧૦ (દસ) દિવસ પહેલા મોકલી આપવાની રહેશે. (જો NPTA ન હોય તો Nil નો રીપોર્ટ મોકલવાનો રહેશે.)

વધુમાં વારંવાર વડાશ્રી/આચાર્યશ્રીઓને જાણ કરવા છતા ઘણા વિભાગો/કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને એન.પી.ટી.એ. કરવામાં આવતા નથી અથવા સમયસર યાદી મોકલવામાં આવતી નથી અને પરીક્ષા દરમ્યાન અથવા પરીણામ જાહેર થયા પછી ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

**ખાસ નોંધ.**

(૧) ઉપરોક્ત બાબતનું દરેક વડાશ્રીઓ/આચાર્યશ્રીઓએ ખાસ ધ્યાન રાખવું. તેમ છતાં આપના દ્વારા એન.પી.ટી.એ. બાબતે શરતચૂક થશે તો પરીક્ષા દરમ્યાન કે પરીણામ પછી ઉપસ્થિત થનાર દરેક પ્રશ્ન માટે આપની જવાબદારી રહેશે.
(૨) આંતરીક પરીક્ષા પૂર્ણ થયા પછી આંતરીક પરીક્ષાના દરેક કંમ્પોનન્ટ સાથેના માર્કસ માટે નીચે મુજબ અનુસરવું.
  (A) દરેક વિષયમાં કુલ મેળવેલ આંતરીક ગુણ નોટીસ બોર્ડ પર તારીખ અને સહિ-સીક્કા સાથે મુકવા અને તેની જાણ વિદ્યાર્થીઓને કરવી.
  (B) બધાજ વિષયમાં મેળવેલ વિષયવાર માર્કસ અને કુલ ગુણ (ટોટલ માર્કસ) સાથેની ક્ન્સોલીડેટેડ માર્કશીટ તારીખ અને સહિ-સીક્કા સાથે નોટીસ બોર્ડ પર મુકવી.
(૩) સેમેસ્ટર પ્રમાણેની બધાજ સુધારા સાથેની ક્ન્સોલીડેટેડ માર્કશીટ કોલેજ/વિભાગે તૈયાર કરવી.

નંબર/ઈ-૩/ ૨૧૮૧
વલ્લભ વિદ્યાનગર
તારીખ : 17/03/2025

કુલસચિવ

નકલ સવિનય રવાના:
(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.
(૨) કોલેજના આચાર્યશ્રીઓ/વિભાગનાં વડાશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.